જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૧૮ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ, ૨૬૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૪૨ બીયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૭,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૦૩૪/૧૮

**રામોલ** : જેઠાજી સુનાજી કુમાવત (ઉ.વ.૬૦)(રહે,શ્રીહરી બંગ્લોઝ વિ-૦૨, સ્વામિનારાયણ મંદીર રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૩૧/૫/૧૮ ના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનુ લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી તિજોરી અને પેટીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ..ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

### પાણી ની ટાંકીમાં પડી જતાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૦૩૫/૧૮

**ઘાટલોડીયા** : પુનીતાબેન રજનીકાન્ત પુજારા (ઉ.વ.૭૨)(રહે,બાપુકૃપા સોસાયટી, ચીનમલ ટાવરની ગલીમા સુભાષચોક મેમનગર) તા.૩૧/૫/૧૮ સવારના ૬/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના મકાનના દરવાજા પાસે આવેલ અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી નો કોક ખોલવા જતા, પાણીમા પડી જતાં, સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૩૬/૧૮**

**નરોડા** : મહેન્દ્રભાઇ શિવાજી પરમાર (ઉ.વ.૫૮)(રહે,મનોહરવીલા, ચિત્રાકુટ આવાસ યોજના, નરોડા) તા.૨૪/૫/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી.મા આવેલ જે.કે.કંપની માં શોર્ટ સરકિટ થતા, આગ લાગતા મહેન્દ્રભાઇ શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા.આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.મહેંદ્રસિંહ માધુસિંહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૦૩૭/૧૮**

**દાણીલીમડા** : અફસાનાબાનુ વા/ઓ જાકીરહુસેન મલેક (ઉ.વ.૨૩)(રહે,નવાબની ચાલી બકરીવાળી ચાલી ખાન-પાન પાર્લરની સામે શાહઆલમ) એ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૮ સાંજના ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છત ના લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ પોસઇશ્રી આર.એસ.ગોહીલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.